આર.બી.આઈ/2005-06/153
આરપીસીડી. પીએલએનએફએસ. બીસી. નં.39/06.02.31/2005-06

3 સપ્ટેમ્બર, 2005

ચેરમેનશ્રી/ મેનેજિંગ ડિરેક્ટર
બધી જાહેરક્ષેત્રની બેંકો

માનનીય ચેરમેન શ્રી,

એસએમઈ એકાઉન્ટ્સ માટેની વન-ટાઈમ સેટલમેન્ટ સ્કીમ પરની માર્ગદર્શિકાઓ

19 ઓગસ્ટ 2005ના અમારા સરક્યુલર આરપીસીડી પીએલએનએફએસ. બીસી. નં.31/06.02.31/2005-06ના ફકરા નં.8ના સંદર્ભમાં રૂ.10 કરોડથી નીચેના એનપીએની રીકવરી માટેની એક વનટાઈમ સેટલમેન્ટ સ્કીમની દરખાસ્ત મૂકવામાં આવે છે જેનું સર્વ જાહેરક્ષેત્રની બેંકોએ અમલીકરણ કરવાનું રહેશે. આ માર્ગદર્શિકાઓ એસમઈ સેક્ટરમાં કાયમી એનપીએના વનટાઈમ સેટલમેન્ટ માટે એક સરળ અને ભેદભાવરહિત વ્યવસ્થા પૂરી પાડશે. બધી જાહેર ક્ષેત્રની બેંકોએ માર્ગદર્શિકાઓનું સંગઠિત થઈને અમલીકરણ કરશે.

2. આ માર્ગદર્શિકાઓ ઈરાદાપૂર્વકના ડિફોલ્ટ, પ્રપંચને આવરી લેશે નહીં અને આવા કેસોમાં ત્વરિત પગલાં લેશે. તે મુજબની એસએમઈ સેક્ટરમાં જાહેર ક્ષેત્રની બેંકોના એનપીએના લેણાંના વનટાઈમ સેટલમેન્ટની માર્ગદર્શિકાઓ નીચે મુજબ છે :

(એ) રૂ.10 કરોડ સુધીની કાયમી એનપીએના વનટાઈમ સેટલમેન્ટની માર્ગરેખાઓ :

(1) કવરેજ

(એ) ફેરતપાસણી કરેલ માર્ગરેખાઓ એસએમઈ સેક્ટરના 31 માર્ચ, 2004માં શંકાયુક્ત બનેલા કે ગુમાવાયેલા, રૂ. દસ કરોડ અને તેથી નીચેના અને બધાજ એન પીએને (જે તારીખે હિસાબ શંકાસ્પદ જણાયો હોય તે તારીખે) આવરી લેશે.

(બ) જે એનપીએ 31 માર્ચ 2004ના સબ-સ્ટાન્ડર્ડ ગણાયા હોય અને જે અંતમાં શંકાસ્પદ કે ખોટ બન્યાં હોય કે જ્યાં જે તારીખે હિસાબ શંકાયુક્ત જણાયો હોય અને આઉટ સ્ટેન્ડિંગ બેલેન્સ રૂ.10 કરોડ અને નીચેનું હોય તેવો એનપીએને પણ આવરી લેશે.

(ક) જે કેસોમાં બેંકોએ નાણાંકીય લાભોનાં સલામતીકરણ અને રિકન્સ્ટ્રક્શન હેઠળ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ પગલાં લીધાં હોય તેવાં તેમ જ કોર્ટ/ ડીઆરટીએસ/ બીઆઈએફઆર સામે પેન્ડિંગ કેસો કે જે કોર્ટ/ ડીઆરટીએસ/ બીઆઈએફઆર પાસેથી મેળવેલ મંજૂરી આદેશને આધિન હોય તેને પણ આવરી લેશે.

(2) સેટલમેન્ટ ફોર્મ્યુલા - અમાઉન્ટ
(અ) માર્ચ 31, 2004માં શંકાસ્પદ અથવા ખોટયુક્ત જણાયેલાં એનપીએ

31 માર્ચ, 2004માં શંકાયુક્ત કે ખોટયુક્ત જણાયેલાં એનપીએના વનટાઈમ સેટલમેન્ટના સંદર્ભમાં જે ઓછામાં ઓછી રકમ ફેર તપાસણી કરેલ માર્ગરેખાઓ હેઠળ આવરી લેવાશે, તે જે તારીખે અકાઉન્ટ શંકાસ્પદ એનપીએ તરીકે માલૂમ પડ્યો હોય ત્યારે તે આઉટસ્ટેન્ડિંગ બેલેન્સના અકાઉન્ટના સો ટકા જેટલી રકમ હશે.

(બ) માર્ચ 31, 2004માં સબ સ્ટાન્ડર્ડ નિયત થયેલ અને અંતમાં શંકાસ્પદ કે નુકસાન/ ખોટયુક્ત બનેલ એનપીએ માર્ચ 31, 2004માં સબ સ્ટાન્ડર્ડ જણાયેલ તેમ જ અંતે શંકાસ્પદ અને નુકસાનકારક બનેલ એનપીએના સંદર્ભમાં જે ઓછામાં ઓછી રકમ આવરી લેવાશે તે જે તારીખે એકાઉન્ટ શંકાસ્પદ જણાયેલ હોય તે તારીખે એકાઉન્ટમાં રહેલ આઉટસ્ટેન્ડિંગ અમાઉન્ટના 100% જેટલી રહેશે, વધારામાં ફાઈનલ ચૂકવણીની તારીખ સુધી (1 એપ્રિલ, 2004થી) અસ્તિત્વમાં રહેલ પ્રાઈમ લેન્ડિંગ રેટ પ્રમાણેનું વ્યાજ.

(3) પેમેન્ટ
ઉપરનાં બંને કેસોમાં સેટલમેન્ટની નિયત થયેલી રકમ એક લમ્પસમમાં ચૂકવવામાં આવશે. જે કેસમાં લેનારાઓ આખી રકમ લમ્પસમમાં આપવા માટે સક્ષમ ન હોય ત્યાં ઓછામાં ઓછી સેટલમેન્ટની 25% રકમ તરત જ ચૂકવવામાં આવશે અને બાકીની 75% રકમ એક વર્ષના ગાળામાં હપ્તેથી, સેટલમેન્ટની તારીખથી લઈને ફાઈનલ પેમેન્ટની તારીખ સુધીના એક્ઝિસ્ટીંગ પ્રાઈમ લેન્ડિંગ રેટ પ્રમાણેના વ્યાજ સાથે ચૂકવવાની રહેશે.

(4) મંજૂરીની સત્તા
વનટાઈમ સેટલમેન્ટ અને વેઈવર કે રેમિનેશન કે રાઈટ-ઓફની મંજૂરીનો નિર્ણય ડેલિગેટેડ સત્તાની યોગ્ય/લાયક ઓથોરિટી દ્વારા લેવામાં આવશે.

(5) ભેદભાવરહિત સવલત
બેંક ભેદભાવ વિના ઉપર જણાવેલ સ્કીમ હેઠળના એનપીએના વનટાઈમ સેટલમેન્ટની માર્ગરેખાઓનું પાલન કરશે. અને લાગતીવળગતી ઓથોરિટીએ તેના પછીની ઉપરી ઓથોરિટીને અને સેન્ટ્રલ ઓફિસને સેટલમેન્ટના પ્રોગ્રેસ અને વિગતોનો માસિક રિપોર્ટ સબમીટ કરવાનો રહેશે. બેંકો આ માર્ગરેખાઓના સંદર્ભમાં તેમના આઉટસ્ટેન્ડિંગ દેણાંની વનટાઈમ સેટલમેન્ટની તકનો ઉપયોગ કરવા માટે બહોળો પ્રચાર તેમ જ જાન્યુઆરી 31, 2006 સુધીમાં લાયક ડિફોલ્ટિંગ બોરોઅર્સને નોટિસ પણ આપી શકે છે. આ માર્ગરેખાઓની વિવિધ રીતે પૂરતી પ્રસિદ્ધિની ખાતરી કરવામાં આવવી જોઈએ.

(6) બોર્ડને રિપોર્ટ
ફેરતપાસણી કરેલ માર્ગરેખાઓ હેઠળ બેંકો કાયમી એનપીએના વનટાઈમ સેટલમેન્ટના પ્રોગ્રેસ પર એક રિપોર્ટ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સુપરત કરશે. આપણને પણ ક્વાર્ટરલી પ્રોગ્રેસ રિપોર્ટની એક નકલ મોકલાવશે.

3. ત્વરીત અમલીકરણ માટે ઉપરની માર્ગરેખાઓ તમારી કંટ્રોલિંગ ઓફિસોને તથા બ્રાંચોને મોકલવામાં/સૂચિત કરવામાં આવે. તમારી બેંકની વેબસાઈટ પર આ માર્ગરેખાઓ પ્રગટ થઈ શકે છે.

4. કોઈપણ ઉછીનું લેનાર (બોરોઅર)ના ઉપરના સેટલમેન્ટમાંથી કોઈપણ પંથચ્યુતિ માત્ર બોર્ડ ઓફ ડિરેક્ટર જ કરી શકે.

5. રસીદ સ્વીકારવા વિનંતી.

તમારો વિશ્વાસુ,

(જી. શ્રીનિવાસન)
મૂખ્ય મહાપ્રબંધક